# મહેંદી અને હેર સ્ટાઈલ સ્પર્ધા

તારીખ :– **09/07/2025**
વાર :– બુધવાર

**પ્રસ્તાવના :–**

મહેંદી અને હેર સ્ટાઈલ સ્પર્ધા વિદ્યાર્થીઓની સર્જનાત્મક પ્રતિભાને વ્યક્ત કરવાની એક અનોખી રીત છે. ભારતીય પરંપરા અને તહેવારો ધાર્મિક વિધિઓ મહેંદીની હાજરી વિના પૂર્ણ થઈ શકે નહીં. દરેક ઉત્સવમાં મહેંદી શુભતાનું પ્રતીક મનાય છે, જ્યારે હેર સ્ટાઈલ એ સુંદરતા અને સુખડતા જાળવતું સ્ત્રીઓના જીવનનું આગવું આભૂષણ છે.

**પ્રવૃત્તિનો હેતુ :–**

વિદ્યાર્થીઓમાં પ્રસંગોએ પ્રદર્શિત થતી ભારતની પરંપરા અને રિવાજો માં રસ કેળવે છે,સમુદાયની ભાવના કેળવાય છે. આ પ્રવૃત્તિનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા કલાત્મક અભિવ્યક્તિ અને પરંપરાગત ભારતીય કલા અને સંસ્કૃતિ પ્રત્યે પ્રશંસા અને પ્રોત્સાહન આપવાનો છે.

**પ્રવૃત્તિની વિગત :–**

અમારા શાળા સંકુલમાં આવેલી ઓમકાર મૌલિક વિદ્યાલય માં તારીખ: **09/07/2025** ને બુધવારના રોજ મહેંદી અને હેર સ્ટાઈલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટાભાગની શાળાની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. તેમને મહેંદીની ડિઝાઈન પૂર્ણ કરવા માટે દોઢ કલાક અને હેર સ્ટાઈલ તૈયાર કરવા માટે એક કલાકનો સમય આપવામાં આવ્યો હતો. આ સ્પર્ધાના નિર્ણાયક મિત્તલબેન.વી.ડામોર હતા. આ સ્પર્ધાનું મૂલ્યાંકન સર્જનાત્મકતા, એકંદર પ્રદર્શન, નવીન પ્રસ્તુતિ અને શ્રેષ્ઠ ડિઝાઈનના આધારે કરવામાં આવ્યું હતું.આમ બંને સ્પર્ધામાં ત્રણ–ત્રણ વિજેતાઓ સાથે આ પ્રવૃત્તિ સફળતાપૂર્વક પૂર્ણ થઈ. જેમાં અમારા વિદ્યાર્થીઓની પ્રતિભા અને સર્જનાત્મકતાનો પરિચય થયો. વિજેતા વિદ્યાર્થીઓને ઓ.કે.સી સંકુલ પરિવાર અને શાળાના આચાર્યશ્રી દ્વારા શુભકામના પાઠવી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

**વિજેતા વિદ્યાર્થીઓના નામ:–**

**મહેંદી સ્પર્ધા:–**
પ્રથમ નંબર:– પઠાણ રૂકશારબાનુ .એચ
દ્વિતીય નંબર:– ચારણ કિંજલબેન .પી
તૃતીય નંબર:– ખાંટ જ્યોતિકાબેન. એમ

**હેર સ્ટાઈલ સ્પર્ધા :–**
પ્રથમ નંબર :– મકવાણા નેહાબેન. પી
દ્વિતીય નંબર :– ખાંટ પ્રિયાંશીબેન. આર
તૃતીય નંબર :– ચારણ કિંજલબેન.પી

પ્રવૃત્તિ શિક્ષકશ્રીનું નામ :– મિત્તલબેન.વી.ડામોર












